**ક્લોઝ-અપ જિંદગી**

★ ભરત ઘેલાણી




## ‘ટનન...ટન’ના રુપાની ઘંટૂડીના રણકાર સાથે ફરી પરત આવી રહી છે

# કોલકાતાની જૂની ટ્રામ...!

**બંગાળી બાબુમોશાયોના ‘આપનજન’ જેવી ૧૫૦ વર્ષથી પણ જૂની આ ઐતિહાસિક વાહન સેવાનું મહાનગરમાં પુન: આગમન થઈ રહ્યું છે ત્યારે જાણીએ એનાં કારણ અને માણવા જેવાં એનાં અનેક સ્મરણ...**

આજથી બે વર્ષ પહેલાં ૨૦૨૪માં આ ઐતિહાસિક ટ્રામે મહાનગરમાંથી સત્તાવાર વિદાય લીધી ત્યારે આપ્તજન ગુમાવ્યો હોય એવી ગ્લાનિ સાથે મોટાભાગના બાબુ મોશાય મનોમન કહેતા હતા : ‘આબાર દેખા હોબે... ફરી મળીશું!’

જોકે એ એ વખતે આ મહાનગરના બંગાળી ભદ્રલોક તથા અન્ય નાગતિકોની એક જ ઈચ્છા રહી હતી કે કે કોલકાતાની આ ટ્રામ સેવા ક્યારેય બંધ ન થાય. એની ‘ટનન...ટન’ જેવી રુપાની ઘંટડી જેવો અવાજ પેઢી દર પેઢી રણકતો રહે.. પણ એમની આ મનોકામના સપનાંમાં ય સાકાર થાય એવી કોઈ જ શક્યતા દેખાતી ન હતી.  એ વખતે કોલકાતા હાઈકોર્ટમાં ચુકાદો આવ્યો હતો, જેમાં ૧૫૧ વર્ષ જૂની ટ્રામ સર્વિસનું ‘ડેથ વૉરન્ટ લ’ખાઈ ચૂક્યું હતું. છેક ૧૮૭૩થી મે ૨૦૨૪ સુધી અવિરત ચાલતી ટ્રામ સર્વિસ બંધ કરવાનો અણગમતો નિર્ણય લેવાઈ ગયો ત્યારે કોલકાતાના લોકો-બાબુમોશાયો માટે ટ્રામ માત્ર એક પરિવહનનું સાધન નહીં, પણ બંગાળની સંસ્કૃતિ સાથે સંકળાયેલું -એમની લાગણી સાથે જોડાયેલું એક આગવું પ્રતીક રહ્યું હતું.

૨૦૨૩માં જે વાહનને ૧૫૦ વર્ષ પૂરા થયા એવી કોલકાતાની ટ્રામની છેક ૧૮૭૩માં પહેલીવાર આ મહાનગરમાં શરૂઆત થઈ ત્યારે તે ઈલેક્ટ્રિકથી નહીં, પણ કોઈ રાજવી બગીની જેમ ઘોડાથી ‘દોડતી’! શરુઆતના એ જમાનામાં માત્ર શિયાલદહ સ્ટેશનથી હાવરા સ્ટેશના રુટ પર જ ટ્રામ ચાલતી. કાળક્રમે ટ્રામ રુટ વધ્યા. એ વર્ષોમાં રસ્તામાં વાહનો ઓછા રહેવાથી ટ્રામની સ્પીડ ખૂબ સારી રહેતી. ‘ટનન... ટન’ જેવી રુપાની ઘંટડીના રણકાર સાથે ટ્રામ ત્યારે ફુલ સ્પીડમાં દોડતી! એ વર્ષોમાં હાવરા બ્રિજ પર પણ ટ્રામ ચાલતી ત્યારે ટ્રામની બારી પાસે બેઠાં બેઠાં દૂરથી ગંગાજીરુપી હુબલી નદીનાં દર્શન કરીને લોકો ગદગદ થઈ જતાં.

એ જમાનામાં ટ્રામમાં બે ક્લાસ રહેતા. આગલો ડબો એટલે 1st ક્લાસ. તેનું ભાડું ૧૦ પૈસા હતું. આ ડબ્બાની સીટ ગાદીવાળી રહેતી અને પાછળનો એટલે કે 2nd ક્લાસના ડબ્બામાં લાકડાની સીટ રહેતી. તેનું ભાડું ૪ પૈસા ઓછું રહેતું. ત્યારે વાહન વ્યવહારનાં અન્ય સાધનોમાં સરકારી બસ - ટેક્સી ને હાથરિક્ષા રહેતી. નગરની વસતિ પણ પાંખી હતી. લોકો માટે ટ્રામ સસ્તુ અને ‘ઝડપી’ વાહન હતું. એ વખતે ટ્રામ હંમેશ ભરચાક રહેતી.



આવતી કાલની ટ્રામ આવી  અલ્ટ્રા મોર્ડન હશે?

જોકે, વર્ષો વીતતા કાળક્રમે સરકારી બસની સાથે ખાનગી અને મિની બસ અને પછી ઓટો રિક્ષા પણ ચાલુ થઈ ગઈ પછી મહાનગર બરચક ટ્રાફિકથી ધમધમતું થઈ ગયું એમાં ટ્રામ તથા હાથ રિક્ષાની સંખ્યા આસ્તે આસ્તે ઓછી થતી ગઈ. વધતા ટ્રાફિકને કારણે નડતર બનતાં ટ્રામનાં અનેક રુટ પણ બંધ કરવા પડ્યા. ટ્રામ આમ જનતા માટે એવું કિફાયતી ને ઉપયોગી વાહન હતું કે એક વાર જ્યારે રાજ્ય સરકારે પ્રથમ ક્લાસનું ટિકિટ ભાડું ૭ પૈસામાંથી વધારીને ૧૦ પૈસા કર્યું તો રોષે ભરાયેલા વિદ્યાર્થીઓએ ૬-૭ ટ્રામ સળગાવી મૂકીને પોતાનો વિરોધ પ્રગટ કર્યો હતો...! એવો હતો એ વખતના ‘જેન-ઝી’નો મિજાજ!

આવા તો કોલકાતાની ટ્રામ સાથે એક ગ્રંથ લખાય એટલાં સ્મરણો છે એટલે બ્રિટિશકાળના જમાનાના એક અગત્યના વાહન-ટ્રામને તમે સ્મૃતિમાંથી કેમ કાઢી શકો? અહીં ટ્રામસેવા બંધ કરવાની સત્તવાર જાહેરાત થઈ પછી પણ આ મહાનગરની બંગ પ્રજા સહિત અન્ય નાગરિકોની એક જ ઈચ્છા હતી કે એ નિરંતર ચાલુ રહે. એમની મનોકામના હતી : ‘આબાર દેખા હોબે ફરી મળીશું!’ને અચાનક મા કાલીએ તે હમણાં પૂરી કરી દીધી છે! રાજ્યમાં નવી સરકારે ટ્રામ સેવાને પુનઃ શરુ કરવાની જાહેરાતથી બધા ગેલમાં આવી ગયા છે.

### કેવું હશે હવેની ટ્રામનું નવું નેટવર્ક?

પ્રાચીન ટ્રામનું પુનરાગમન હવે નવા રુપ - મોર્ડન સ્વરુપે કરવું એવી યોજના ઘડાઈ રહે છે. આ યોજના અનુસાર જૂના રુટસના સર્વેક્ષણ પછી શહેરના ૭૦ જેટલા રુટનું નવું નેટવર્ક તૈયાર થશે, જેના પર બેટરી સંચાલિત એરકન્ડિશન્ડ ડબ્બાવાળી આધુનિક મોડેલ્સની કાર દોડશે ,જેમાં ડિજિટલ ટિકિટીંગની સાથે આપમેળે બંધ થઈ જતા ઓટોમેટિક ડોર હશે. આ ટ્રામ્સ બેટરી સંચાલિત હશે માટે અગાઉ જેવા ઓવરહેડ ઈલેકટ્રિક પાવર કેબલની જરૂર નહીં પડે.

ફરી આગમન કરી રહેલી ટ્રામના જે નવાં રુટ્સ ગોટવાઈ રહ્યાં છે એમાં ટ્રામના ટ્રેક્સ -પાટાં હવેથી રોડની ડાબી તરફ હશે અને નવા રુટસમાં દક્ષિણેશ્વર આશ્રમ અને કાલીઘાટના મા કાલીના મંદિરની સાથે અન્ય ધાર્મિક સ્થાનકોને સાંકળી લેતો એક વિશેષ હેરિટેજ ટ્રામ કોરિડોર પણ વિકસાવવામાં આવશે. આ આઈડિયા શ્રદ્ધાળુ બંગાળી બાબુ - બઉદી (ભાભી)ને જબરો ગમી ગયો છે. એ જ રીતે કોલકાતા પોર્ટ તથા મહાનગરની આસપાસ વિકસી રહેલાં ઉપ્-નગરો સુધી પણ નવી ટ્રામ્સને દોડાવાની પણ યોજના છે અને હવેથી ટ્રામ વધુ ઝડપથી દોડતી હશે એટલે એ પ્રદૂષણ રહિત પર્યાવરણની રક્ષા કરતી આદર્શ પતિવાહન સેવા બની જશે.

ટ્રામને આ મહાનગરમાં પરત લાવવા પાછળ બ્રિટિશ અને આઝાદી લડત વખતના એનાં માત્ર સંસ્મરણો જ નથી. આજે આશરે રોજ અર્ધા કરોડથી વધુ લોકોથી ઉભરાતી આ ગીચ મહાનગરમાં પર્યાવરણ રક્ષક એવાં પરિવાહનોની તાતી જરૂર છે, જેમાં અલ્ટ્રા આધુનિક રૂપ આપો તો બંગપ્રજાની પરિચિત એવી ટ્રામ જેવું વાહન બરાબર બંધબેસી જાય છે.

વર્ષો અગાઉ કોલકાતા જેવી જ ટ્રામ સેવા ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન અને ફ્રાન્સનાં અનેક શહેરમાં હતી. ત્યાં કાળક્રમે બંધ થયા પછી આજે વધુ અલ્ટ્રા -આધુનિક ટ્રામ સર્વિસ શરૂ થઈ ગઈ છે અને સફળ પણ રહી છે. કોલકાતામાં પણ બરાબર મેલબોર્ણ જેવુ જ મોર્ડન ટ્રામ નેટવર્ક ગોઠવવાની યોજના અહીં છે. બીજા શબ્દોમાં કહીએ તો ટ્રામની આ અલ્ટ્રા આધુનિક ઘરવાપસી બાબુ મોશાયોને ખુશ કરી જશે.

## રૂપેરી પરદે પણ ટ્રામનો અનેરો ઠસ્સો...

**સમાંતર પાટા પર આસ્તે આસ્તે સરકતી ટ્રામ એક જમાનામાં હૈદરાબાદ- મુંબઈ અને કોલકોત્તામાં ખાસ જનપ્રિય હતી. કાળક્રમે હૈદરાબાદ- મુંબઈમાંથી ટ્રામે વિદાય લીધી અને માત્ર તસવીરોમાં સમેટાઈ ગઈ, પણ બાબુમોશાયના મહાનગર કોલકોત્તામાં ગોકળગતિ ટ્રામ એક અગત્યનું વાહન - સાધન બનીને ઠાઠથી સરકતી રહી. આથી સહેજે છે કે બંગાળી ફિલ્મોમાં એની હાજરી વરતાતી. એટલું જ નહીં, મુબઈની ફિલ્મોમાં પણ અવારનવાર ટ્રામ ડોકિયું કરી જતી. બહુ જૂનાં ઉદાહરણોને ન વાગોળીએ તો તમને પણ યાદ જ હશે કે ‘પીક્કુ’ ફિલ્મનો ભાસ્કરબાબુ અર્થાત આપણા ‘બાબુમોશાય’ અમિતાભ આ શહેરની પોતાની જૂની યાદોને તાજી કરવા સાઈકલ સવારી કરી કોલકોત્તાની ટ્રામની આસપાસ કેવા ફરતા રહે છે! એ જ રીતે, વિદ્યા સિન્હા પણ એની બહુચર્ચિત ફિલ્મ ‘કહાની‘માં ટ્રામ-પ્રવાસ કરે છે. અમિતાભ-વિદ્યાનાં દ્રશ્યોમાં માત્ર ટ્રામ જ નજરે ચઢી, પણ સૈફઅલી ખાન અને સોનાક્ષી સિંહાની ફિલ્મ ‘બુલેટ રાજા’નું ખાસ્સુ શૂટિંગ થયું ત્યારે કોલકોતાનાં વિશેષ અલગ તરી આવે એવાં કેટલાંક વાહનો, જેમકે ઘોડાગાડી- હાથરિક્ષા અને ટ્રામ સુદ્ધાંમાં હીરો- હીરોઈનને ફરતાં દર્શાવ્યાં છે! અહીં એક આડ, પણ મજાની વાત જાણી લઈએ કે મોટાભાગની હિન્દી ફિલ્મોમાં ટ્રામનાં શૂટિંગ અહીં ચોરંગી વિસ્તારના ધર્મતલ્લા- ખિદરપુરના ટ્રામ રુટ થર્ટી સિક્સ (૩૬) પર જ થાય છે, કારણ કે ત્યાંના લીલાછમ્મ મેદાન વચ્ચેથી ધીમી ગતિએ પસાર થતી બે ડબ્બાની ટ્રામ એક આહલાદક દ્રશ્ય સર્જે છે. ‘બાંગ્લા ટુરિઝમ’ના પ્રચાર માટેની ફિલ્મના બ્રાંડ અમ્બેસડર તરીકે શાહરુખ ખાને પણ આ ફેમશ ટ્રામ રુટ -૩૬ પર જ એનાં પરાકાષ્ઠાનાં દ્રશ્યો શૂટ કરાવ્યાં હતાં! વિશ્વવિખ્યાત ફિલ્મસર્જક સત્યજિત રેની અનેક ફિલ્મોમાં કોલકોતાના હાથરિક્ષા અને ટ્રામની આવન-જાવન સહજ રહેતી. સત્યજીતબાબુએ ‘મહાનગરમાં’ અને અન્ય જાણીતા દિગ્દર્શક મૃણાલ સેને પણ એમની ‘ઇન્ટરવ્યુ’ ફિલ્મમાં ટ્રામનો એક પાત્ર તરીકે બખૂબી ઉપયોગ કર્યો છે.**

